# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-12-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## રામાણિયામાં વિકાસકામોનું ખાતમુહૂર્ત

માંડવી તાલુકાના રામાણિયા ખાતે ધારાસભ્ય અનિરુદ્ધ દવેના અધ્યક્ષસ્થાને રૂપિયા પાંચ કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ પ્રોજેક્ટ્સમાં ગેલડા-રામાણિયા રોડ રિસર્ફેસિંગ, સ્લેબ ડ્રેઇન, ચેકડેમ રિપેરિંગ અને મતિયાદેવ પરિસરમાં વનકુટિર જેવાં કાર્યોનો સમાવેશ થાય છે.

ધારાસભ્ય અનિરુદ્ધ દવેએ વર્તમાન સરકારને 'સર્વજન હિતાય' ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે નાના ગામો સુધી પાકા રસ્તાઓ, પુલો અને માળખાંગત સુવિધાઓ પહોંચાડવામાં આવી રહી છે. તેમણે પર્યાવરણ સુધારવા માટે ગ્લોબલ કચ્છ અને સદભાવવના ટ્રસ્ટ સાથે મળીને વૃક્ષારોપણ અને જળસંચયની પ્રવૃત્તિને વેગ આપવા પણ અનુરોધ કર્યો હતો.

-----------------------------------------------------------------------------------------

## વરસામેડીમાં જળશક્તિ મંત્રી દ્વારા કંપનીના યુનિટનો શુભારંભ

અંજાર તાલુકાના વર્ષામેડી ખાતે કેન્દ્રિય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે એક કંપનીના પાઈપ યુનિટનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે ૨૦૪૭ના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં કંપનીના યોગદાનને બિરદાવ્યું હતું. મંત્રીએ 'નલ સે જલ' યોજનાથી થયેલા પરિવર્તનની પ્રશંસા કરી અને નાગરિકોને "કેચ ધ રેઈન" અભિયાનમાં જોડાઈને પાણી બચાવવા જન આંદોલન બનાવવા આહ્વાન કર્યું હતું.

આ પહેલા કચ્છ પધારેલા કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ તેમજ ગુજરાત સરકારના જળશક્તિ અને પાણી પુરવઠા રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલનું રાજ્યમંત્રી ત્રીકમભાઇ છાંગા, સાંસદ વિનોદભાઇ ચાવડા સહિતાઓને સ્વાગત કર્યું હતું.

----------------------------------------------------------------------------------------

## તારામતી વિશનજી ગાલા એવોર્ડ

કચ્છી વીશા ઓસવાળ સેવા સમાજ અને તારામતી વિશનજી ગાલા સાહિત્ય કલા પુરસ્કાર સમિતિ દ્વારા મુંબઈમાં કચ્છી ભાષા-સાહિત્ય અને કલાના સર્જકોને સત્કારવાનો સમારોહ યોજાયો હતો. વિવિધ વક્તાઓએ સોશિયલ મીડિયાના યુગમાં પણ કચ્છી ભાષાનું ભવિષ્ય ઉજ્જવળ હોવાનો મત વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમમાં માંડવીના હસમુખ અબોટી 'ચંદન', મુંબઈના દીપક નંદા, ભુજના નરેશ અંતાણી, ઝરપરાના આશાનંદ ગઢવી, ભુજના જયસુખ પારેખ  અને મુંબઈના સોનાલી ગડાને તારામતી ગાલા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

----------------------------------------------------------------------------------------

## શાળાના સમયમાં ફેરફાર

કચ્છમાં શિયાળાની ઠંડી વધતાં શાળાના સમયમાં ફેરફાર કરાયો છે.  જિલ્લા શિક્ષણ કચેરી દ્વારા બહાર પડાયેલા પરિપત્ર મુજબ, ઠંડીનું પ્રમાણ વધવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને આગામી સોમવાર, તારીખ 16મીથી કચ્છની તમામ શાળાઓનો સમય અડધો કલાક) મોડો કરવામાં આવ્યો છે.

જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે જણાવ્યું કે, આ સૂચનાનો અમલ તમામ સરકારી, અનુદાનિત અને ખાનગી શાળાઓએ કરવાનો રહેશે. જ્યાં સુધી અન્ય કોઈ સૂચના ન મળે, ત્યાં સુધી આ નવો સમય અમલમાં રહેશે.

----------------------------------------------------------------------------------------

## કચ્છમાં ભૂકંપનો આંચકો

ગઢશીશાથી **13** કિલોમીટર દૂર જીયાપર પાસે આજે બપોરે **3.9** તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. સિસ્મિક ઝોન **5** માં આવતા સરહદી કચ્છ જિલ્લામાં ભૂકંપના આંચકાનો સિલસિલો યથાવત છે. ડિસેમ્બર માસમાં આ ચોથો ભૂકંપનો આંચકો નોધાયો છે. **10** ડિસેમ્બરના ધોળાવીરા નજીક **3.7**ની તીવ્રતાનો, **5** ડિસેમ્બરના રાપર નજીક **2.6**ની તીવ્રતાનો અને **4** ડિસેમ્બરના ખાવડા નજીક **3.3**ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરીમાં નોંધાયો હતો.

---------------------------------------------------------------------------------------

## હવામાન

છેલ્લા ત્રણ દિવસથી નલિયાનું તાપમાન એકલ અંકમાં નોંધાઇ રહ્યું છે. આજે નલિયાનુ તાપમાન **9.8** ડિગ્રી નોંધાયુ છે. ગઇકાલે નલિયામાં લઘુત્તમ તાપમાન **9.8** ડિગ્રી નોંધાયું હતું જેમાં આજે એક ડિગ્રીનો વધારો જોવા મળ્યો હતો તેમ છતાં પણ નલિયા આજે રાજ્યનું સૌથી ઠંડું મથક બની રહ્યું હતું.  કચ્છમાં દિવસ અને રાત્રીના પમાનમાં મોટો તફાવત જોવા મળી રહ્યો છે. જિલ્લા મથક ભુજમાં **14.4** ડિગ્રી લઘુત્તમ અને **31.6** ડગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે.

---------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય લોક અદાલત

કચ્છ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ઉપક્રમે આજે વર્ષની અંતિમ રાષ્ટ્રીય લોકઅદાલતનું આયોજન કરાયું હતું જેમાં સમાધાન લાયક કેસો અને પ્રિલિટિગેશનના **11** હજાર જેટલા કેસો મૂકવામાં આવ્યા હતા.  જિલ્લાના મુખ્ય ન્યાયાધિશના માર્ગદર્શન હેઠળ યોજાયેલી લોક અદાલતમાં આજે મોટાભાગના કેસોનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો હતો.

---------------------------------------------------------------------------------------

## ભુજમાં ક્રાઇમ જાગૃત્તિ લેકચર

**ભુજ એરફોર્સ સ્ટેશન ઓડિટોરિયમ ખાતે આજે સંરક્ષણ સુરક્ષણ દળના કર્મચારીઓ અને તેમના પરિવારો માટે સાયબર ક્રાઇમ જાગૃતિ લેક્ચર યોજાયો હતો.**

**ભુજ સાયબર ક્રાઇમ શાખાના પી.એસ.આઇ. હર્ષ દ્વારા સંચાલિત આ લેક્ચરમાં અંગત ડેટા અને નાણાંને સાયબર ફ્રોડથી સુરક્ષિત રાખવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. તેમણે સુરક્ષિત ઓનલાઈન બાબતો અને નાણાકીય કૌભાંડો સામે રક્ષણ મેળવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.**

**-----------------------------------------------------------------------------------------**

## નવોદય પરીક્ષા

આજે જિલ્લામાં **29** કેન્દ્રો પણ યોજાયેલી જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા શાંતપૂર્ણ રીતે પૂર્ણ થઇ છે. જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ પરમારે માહિતી આપતાં જણાવ્યું કે, કુલ **7201** વિદ્યાર્થીઓ પૈકી **6277** વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. જવાહર નવોદય વિદ્યાલય, ડુમરાના પ્રિન્સિપાલ નારાયણ સિંઘ અને કચેરીના સ્ટાફના સહયોગથી પરીક્ષાનું સુચારું આયોજન થયું હતું.

**-----------------------------------------------------------------------------------------**